# શું મનપાનો ઉદ્દેશ જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડા કરવાનો છે? : સે-૨૮ વસાહતીઓ

ગાંધીનગર, તા.૧૫

મહાનગર પાલિકાનો હેતુ નગરજનોને સ્વચ્છ વાતાવરણ પુરું પાડવાનો હોય છે. પરંતુ સેકટર-૨૮ના રહીશોને મનપાનો કડવો અનુભવ થઈ રહ્યો છે. પાલિકા દ્વારા મુખ્ય શોપિંગ પાછળ આખા ગામનો કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. તેના કારણે રહીશોનું આરોગ્ય જોખમાયું છે. સરકારી વસાહત સેકટર-૨૮ના વસાહતીએ મનપા સામે ભારોભાર રોષ પ્રકટ કર્યો છે.

સરકારી વસાહત સેકટર-૨૮ની બિલકુલ બાજુમાં મહાનગરપાલિકા દ્વારા એકઠો કરાયેલો કચરો ઠાલવવામાં આવે છે. મોટા મોટા ખાડા કરીને આખા ગામનો કચરો ઠાલવવામાં આવતો હોવાથી અહિંના રહીશો ક્રોધે ભરાયા છે. એક બાજુ મનપા દ્વારા સ્વચ્છ અને સુંદર ગાંધીનગરની વાતો કરવામાં આવે છે અને બીજી બાજુ વસાહતીઓના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે તેવું વસાહતીઓએ જણાવ્યું હતું.

વસાહતીએ કહ્યું હતું કે એક બાજુ મનપા દ્વારા શહેરમાં મોટા મોટા બેનરો લગાવવામાં આવે છે અને બીજી બાજુ રહેઠાણની બાજુમાં જ ખાડા કરી કચરો ઠાલવવામાં આવે છે શું મહાનગરપાલિકા દ્વારા સરકારી કર્મચારીઓ અને જાહેર જનતાનું સ્વાસ્થ્ય જોખમાતું નથી?

ચોમાસાની ઋતુ હોવાથી અહીંયા મોટા પ્રમાણમાં મચ્છરોની ઉત્પત્તિ થઈ છે. જેને કારણે આ વિસ્તારની આજુબાજુમાં રહેતા રહીશોનું જીવવું દોઝખ બની રહ્યું છે. આ બાબતે વસાહતીઓએ મહાનગપાલિકાના કમિશનરને પણ રજુઆત કરી છે અને જો આ સમસ્યાનું નિવારણ લાવવામાં નહિ આવે તો આ વિસ્તાર રોગના ભરડામાં સપડાઈ જશે અને તેની સંપૂર્ણ જવાબદારી મનપાની રહેશે.

# શહેરમાં સફાઈના પ્રશ્ને સોનાની થાળીમાં લોઢાની મેખ જેવો ઘાટ

## પ્રધાનમંત્રીના આગમન ટાણે નિયત સ્થળોની સફાઈ સેકટરોના આંતરિક વિસ્તારમાં ગંદકીના બિહામણા દૃશ્યો

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં પ્રધાનમંત્રીના આગમન ટાણે વિશેષરૂપે સફાઈ અભિયાન હાથ ધરી મુખ્યમાર્ગોને કચરો દુર કરી રોચક બનાવી દેવાયા છે પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારોમાં સ્વચ્છતાની દૃષ્ટિએ નજર નાંખીએ તો વરવી વાસ્તવિકતા આંખ સામે ખડી થાય છે. નિયત સ્થળે હાથ ધરાયેલ સફાઈ અભિયાનના અંતે સેકટરોના આંતરિક વિસ્તારોમાં ખદબદતી ગંદકી સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન બની છે.

સતત વરસાદી માહોલના અંતે નગરમાં આંખોને ઠંડક આપે તેવો હરિયાળી નઝારો સર્જાયો છે પરંતુ વરસાદી વાતાવરણ વચ્ચે શહેરમાં ગંદકીની સમસ્યાએ અજગરી ભરડો લીધો છે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર દ્વારા નિયત સ્થળો ઉપરાંત મુખ્ય માર્ગો આસપાસ સફાઈ અભિયાન હાથ ધરી નગરને ઉપરછલ્લુ કલીન કરી દીધું હોવાનો સંતોષ સેવાઈ રહ્યો છે પરંતુ સફાઈના મામલે સેકટરના આંતરિક વિસ્તારમાં નજર નાંખીએ તો વરવી વાસ્તવિકતા બયાન કરતા બિહામણા દશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. સેકટરે સેકટરે ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે.

કાદવ કીચડ વચ્ચે ગંદકીના થર જામ્યા છે. જેના પરિણામે જીવાત અને મચ્છરોના ઉપદ્રવથી ત્રાહીમામ રહીશો પર રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે. આવા સંજોગોમાં સેકટર સફાઈ માટે પણ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. નહીંતર હાલ તો સફાઈના મામલે ગાંધીનગરની હાલત સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી થઈ ગઈ છે.



એસ.ટી. બસસ્ટોપ ગાંધીનગર ખાતે મુસાફરોને હાલાકી ન થાય તે માટે જાહેર શૌચાલય બાંધવામાં આવ્યુ તો છે, પણ કેમ જાણે ફરીથી રીનોવેશનને કારણે બંધ કરી દેવામાં આવ્યું છે. જેને કારણે મુસાફરો ખુલ્લી જગ્યાને ગંદી કરી રહ્યા છે. હવે તો જાગો...! (તસવીર : કશ્યપ નીમાવાત)

# રાજભવન થી મહાત્મા મંદિરના માર્ગ પર મોક ડ્રીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૫

વડાપ્રધાનની સુરક્ષા માટે આજે ગાંધીનગરમાં રાજભવનથી મહાત્મા મંદિર સુધી વડાપ્રધાનના કાફલાએ મોક ડ્રીલ કરી હતી.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ ૧૬મીથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ગાંધીનગર રાજભવન ખાતે રાત્રી રોકાણ કરનાર છે.

૧૭મીએ સવારે મહાત્મા મંદિર ખાતે યોજાનારા સરકારી કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપનાર છે. આથી રાજભવનથી મહાત્મા મંદિર સુધીના માર્ગ પર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાનનો કાફલો રાજભવનથી મહાત્મા મંદિર સુધી જે માર્ગે જવાનો છે તે માર્ગ પર આજે વડાપ્રધાનના કાફલાના વાહનોનું મોકડ્રીલ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના કાફલામાં એસકોર્ટ ગાડી ઉપરાંત બે બી.એમ.ડબલ્યુ, જામર ગાડી, એમ્બ્યુલન્સ સહીતના વાહનોનો સમાવેશ કરવામાં આવેલ છે.

# નગરના સેવાભાવી યુવાન પ્રવિણ બાલપાંડેનું અવસાન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના મહામંત્રી પ્રવિણકુમાર વિઠ્ઠલરાવ બાલપાંડેનું તા. ૧૪ ના રોજ વહેલી સવારે હૃદયરોગના હુમલાથી યુવાન વયે દુ:ખદ અવસાન થયેલ છે. પ્રવિણકુમાર બાલપાંડે નર્મદા નિગમમાં વીસ વર્ષથી વધુ સમયથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા અને સાથે સાથે સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ પોતાનું યોગદાન ભાવપૂર્વક આપ્યું હતું.

ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના મહામંત્રી તરીકે વર્ષોથી સેવાઓ આપી હતી અને મહારાષ્ટ્ર સમાજમાં પણ મહામંત્રી તરીકે વર્ષોથી સેવાઓ આપી હતી. પ્રવિણકુમાર બાલપાંડે તેમની પાછળ તેમના પત્ની, પુત્રી તથા પુત્રને વિલાપ કરતા મુકી ગયા છે. તેમના અવસાનની જાણ થતા સવારે જ સિવિલ હોસ્પિટલ



ખાતે નગરની સામાજીક તથા સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ નિશિત વ્યાસ, અરૂણભાઈ બુચ, ચેતનાબેન બુચ, પંઢરીનાથ જગતાપ, રાકેશ જાની, હિરેન ઠાકર, આશિફ કુરેશી, સી.ડી. ધનેશ્વર, ચંદ્રકાંત કાંબલે, બાલારામ ખાંદારે અને નર્મદા નિગમના ઓફીસનો મિત્ર વર્ગ વગેરે આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ સાંજે અંતિમ યાત્રામાં નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે ઘણા ખેદ સાથે જણાવ્યું હતું કે આજે ગાંધીનગરે નિસ્વાર્થ સેવાભાવી એક યુવાન ગુમાવ્યો છે. જેની સેવાઓ વર્ષો સુધી ગાંધીનગરની જનતા યાદ રાખશે. ઈશ્વર તેમની આત્માને શાંતિ આપે અને તેમના પરીવારને આવી પડેલી અણધારી આફતમાં શક્તિપ્રદાન કરે. બાળકોને તેમના અધુરા કાર્યો પુરા કરવાની શક્તિ અર્પે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી.

# વડાપ્રધાન મોદી આજથી ગુજરાત પ્રવાસે આવશે : ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૧૫


વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા હોઈ તેમના સ્વગાત માટેના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

દેશના વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે પહેલીવાર આવી રહ્યા છે. આવતીકાલે બપોરે ૩ કલાકે અમદાવાદ વિમાની મથકે તેઓ આવી પહોંચશે ત્યારે ભાજપ દ્વારા ઢોલ નગારાના તાલ સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ, રાજય મંત્રીમંડળના મંત્રીઓ પ્રદેશ આગેવાનો વિમાની મથકે નરેન્દ્ર મોદીને પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું સ્વાગત કરશે.

આ ઉપરાંત વિમાની મથક બહાર ભાજપના કાર્યકરો ઢોલ નગારાના તાલે ઝુમી અને કેસરીયા ખેસ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સવાગત કરવામાં આવશે.

વિમાની મથકે સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ત્રિમંદીર ખાતે સાંજે



યોજાનારા એક કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહીને કાર્યકરોને સંબોધન કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે બપોરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોઈ ગાંધીનગર અને અમદવાદ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# પાલજમાં ભેદી રીતે મોરનો શિકાર

## નિર્માણાધિન સંસ્થાના સંકુલમાંથી મૃત મોરના અવશેષો મળ્યા : વન વિભાગે તપાસ શરૂ કરી : પક્ષી પ્રેમીઓમાં રોષ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક પાલનજ ગામે કેટલાક મજૂરો દ્વારા રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કરવામાં આવી રહ્યો છે. આ બાબતે પક્ષી પ્રેમીઓએ વન વિભાગમાં જાણ કરતા વનવિભાગના અધિકારીઓ સ્થળ પર તપાસ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના પાલજ ગામે નિર્માણાધિન સંસ્થાના સંકુલમાં કેટલાક મજૂરો મજૂરી કરી રહ્યા છે. આ મજૂરો આસપાસના વિસ્તારમાં જઈ છેલ્લા કેટલાક સમયથી દેશના રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કરી રહ્યા હતા અને બાદમાં તેનો ખોરાક તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. જ્યારે પીંછાને ઊંચા દામે વેચી દઈ તગડી કમાળી કરી રહ્યા હતા. વારંવાર જાહેર વિસ્તારોમાં મૃત મોર પક્ષીના અવશેષો મળી આવતા પક્ષી પ્રેમીઓએ તપાસ કરી હતી. આજે આ શિકાર મામલે શિવસેનાના કાર્યકરોની આગેવાની હેઠળ પક્ષીપ્રેમીઓએ વન-વિભાગને જાણ કરતા વન વિભાગના આર.એફ.ઓ. ઘટનાસ્થળે દોડી આવી જરૂરી તપાસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર ચોખ્ખુચણાક : નગરજનોમાં હર્ષોલ્લાસ

## ઘણા સમયની ગંદકી બે દિવસમાં ઉલેચાતા પી.એમ. નગરચર્યા કરે તેવો નગરજનોનો ટોળો

ગાંધીનગર, તા. ૧૫

ભારતના વડાપ્રધાન અને ચીનના રાષ્ટ્રપતિ અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવનાર છે. જેથી અમદાવાદ અને ગાંધીનગરને નવોઢાની જેમ શણગારવાની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં ગાંધીનગરમાં જે પ્રમાણે સ્વચ્છતા અભિયાન આરંભાયુ છે તે જોઈને નગરજનોમાં હર્ષોલ્લાસ વ્યાપ્યો છે. ઘણા સમયથી પડેલા ગંદકીના ઢગ બે જ દિવસમાં દૂર કરી નખાતા પી.એમ. હવે તો નગરચર્યા કરે તેવો કટાક્ષ નગરજનોમાં તંત્રની હાલની સ્થિતિ જોઈને કરી રહ્યા છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રમાં આરૂઢ થયા બાદ સૌ પ્રથમ ગુજરાત આવી રહ્યા છે. અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ પણ ગુજરાતમાં જ દેશના વડાપ્રધાન સાથે મુલાકાત કરવાના છે. આ બે મહાનુભાવોની મુલાકાત પૂર્વે ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા સાથે નવા રંગરોગાન અને સાજ-સજાવટ તંત્રએ તાકીદના ધોરણે હાથ ધરી છે. નગરમાં ઘણા સમયથી ખડકાયેલા ગંદકીના ઢગ, રખડતા પશુઓ, વૃક્ષોની ટ્રીમીંગ કામગીરી તથા માર્ગો જેમના તેમ હતા જે અંગે અનેક રજૂઆતો છતાં તંત્ર હરકતમાં આવતુ નહોતું.

પરંતુ પી.એમ. પસાર થવાના છે તે માર્ગો તથા તેની આસપાસ બે જ દિવસમાં કાયમી ગંદકી દૂર કરી એકદમ સ્વચ્છ બનાવી દેવાયા છે. જેથી નગરજનોમાં શહેરની સ્વચ્છતા અને તેની શોભામાં થયેલા વધારાથી આનંદ ફેલાયો છે અને પી.એમ. ગાંધીનગરની નગરચર્યા કરે તેવો કટાક્ષ કરી તંત્રને તમામ સેકટરમાં સ્વચ્છતા હાથ ધરવા આડકતરો રીતે જણાવી રહ્યા છે. શહેરમાં હાલ યુદ્ધના ધોરણે તમામ કામગીરી ચાલી રહી છે. જેનું નગરજનો નિરીક્ષણ પણ કરી રહ્યા છે અને મનમાં મલકાઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રપતિ જિનપિંગના સ્વાગત માટે તંત્રએ ફૂલોની ઝાઝમ બીછાવી દેવા સુધીના કમરતોડ પ્રયત્નો આરંભ્યા છે. જેમાં શહેરમાં થઈ રહેલા ફેરફારો આખરે તો નગરજનો માટે લાભદાયી જ બની રહેશે તેવો સંતોષ સર્વત્ર વ્યક્ત થઈ રહ્યો છે.

# આશિષ દવેના પિતાશ્રી મહેન્દ્રભાઈ દવેનું અવસાન

## આજે સ્વર્ગસ્થની અંતિમયાત્રા સે. ૧ થી નીકળશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેના પિતાશ્રી મહેન્દ્રભાઈ દવેનું આજે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે.

મહેન્દ્રભાઈ દવે આજીવન શિક્ષક તરીકેની આગવી ઓળખ ધરાવતા હતા. તેઓએ વિજાપુરમાં શાળાના આચાર્ય તરીકે આગવી ઓળખ શિક્ષણ જગતમાં ઉભી કરી હતી. સ્વર્ગસ્થની અંતિમ યાત્રા આજે સવારે ૭.૩૦ વાગે તેમના સે. ૧ ના નિવાસસ્થાનેથી નીકળશે.

સ્વ. મહેન્દ્રભાઈ દવે તેમના પત્ની તેમજ બે પુત્રો અને ૩ પુત્રીને વિલાપ કરતા મુકી ગયા છે. તેઓએ સે. ૧ માં પણ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી હતી. નવરાત્રીના પર્વમાં તેઓ સક્રિય રસ લેતા હતા.

# ગાંધીનગર જિલ્લાની હોટેલોમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખકાર્ડ રજૂ કરવા પડશે

ગાંધીનગર, તા. ૧૫

અમદાવાદ શહેરી વિસ્તારમાં તા.૨૬/૭/૦૮ તથા મુંબઈ શહેરમાં તા૨૬/૧૧/૦૮ ના રોજ થયેલ આતંકવાદી હુમાલાના અનુસંધાને વાહન, હોટલ ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યકિતઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ -૧૪૪ થી મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાની હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહારપાડેલ છે.

જિલ્લાની હોટલ/ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવામાં આવે. દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત/ સગા / ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન / મોબઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ હકકીત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે છે.

મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સન્સ, કચેરીનું ઓળખકાર્ડ વિગેરે) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી હોટલના દફતરમાં રાખવી. તમામ ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારોની હોટલ / ગેસ્ટ હાઉસોના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ -કારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યકિતને સુ-ત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭

સૂર્યાસ્ત : ૬.૪૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૭ ટકા ● સાંજે ૭૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી)(અંગ્રેજી) : ૧૨.૧૫, ૩.૦૦, ૭.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પાવર (તેલુગુ) : ૭.૦૦

મેરી કોર્મ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :

ક્રિએચર (૨ડી) : ૧૦.૦૦

મેરી કોમ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

ક્રિએચર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

મેરી કોમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :

ક્રિએચર (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫

સ્ક્રીન-૩ :

ફાઈન્ડીંગ ફેની : ૮.૪૫, ૧૦.૧૫, ૪.૩૦, ૯.૪૫

મેરી કોમ : ૧.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૪ :

મેરી કોમ : ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૫

રાજા નટવરલાલ : ૧.૧૫

બે યાર (ગુજરાતી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશો. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ડાહીબેન મથુરભાઈ પટેલ (ઉ.વ.૯૫) મુ. પો. ચિલોડા મોટા, તા.જી. ગાંધીનગર
- તુલસીબેન ગિરીશભાઈ આચાર્ય (ઉ.વ.૧૧) પ્લોટ નં. ૯૭/૨, સેકટર-૨૬, કિસાનનગર, ગાંધીનગર
- બાબુભાઈ ડાહ્યાભાઈ પંચાલ (ઉ.વ.૫૬) મુ. પો. પાટના કુવા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સાવિત્રીબહેન હિરાલાલ કોળી (ઉ.વ.૫૭) ડી-૩, કિર્તિરાજ સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર